ॐ

दशानन विरचितम्

# शिव तांडव स्तोत्रम्

## सगुर्जरदीपिकम्

स्थम्भतीर्थ निवासिना पंडितो पाठकय गौरीशंकरात्मज

मणिशंकरशर्मणा


पेटलादख्यपत्तने.

" पारसमण्याख्य अने गुर्जर गेझेटाख्ये मुद्रालयोश्च "

मुद्रयित्वा प्रकाशितम्.

---

ग्रंथस्वामित्वं स्वाधिनीकृतंच.

संवत. १९५२

मुल्य. रु. ०—॥—०

ॐ

दशाननविरचितम्

# शिव तांण्डवस्तोत्रम्

## सगुर्जरदीपिकम्

स्थंभतीर्थ निवासिना पंडितो पाह्वय गौरीशंकरात्मज
मणिशंकरशर्मणा

पेटलादख्यपत्तने.

पारसमण्याख्ये अने गुर्जर गेझेटह्वये मुद्रालयेच ”

मुद्रयित्वा प्रकाशितम्.



संवत. १९५२

मुल्य. रु. ०—१॥—०

# પ્રસ્તાવના.

આ ભાષાંન્તર છપાઈ બહાર પડવા જો કે કાંઈ કારણ છે તો એજ કે શંકરની પુજા કરી રહ્યા પછી છેલ્લે આ રાવણકૃત શિવતાં-ડવ સ્તોત્રનો પાઠ કરવાનું મહાત્મ સંભળાય છે તો તે પાઠ વિના અર્થ જાણે કરવો તો તે तुषाणामूकंडनंयथा ( છાળાંક ચરવા જેવું ) નિષ્ફળ છે માટે અર્થ સમજી પાઠ કરવાનુ ઉત્તમ ફળ છે. માટે તે સ્વદેશી ગુર્જર બંધુઓને એ અર્થ સમજવા આ પ્રયત્ન કર્યો છે.

અન્ય અપ્રસ્તુત પ્રયોજન એછે જે મારે હાથે ભાષાંન્તર થએલ મેઘદૂતના ભાષાંન્તરની અસુદ્ધતાના આરોપમાંથી મુક્ત થવાની ઇચ્છા.

એ કાવ્યની પ્રથમાવૃતિના હક મે તેને પ્રસિદ્ધ કરતી કમ્પનીને હું આપી બેઠેલ હોવાથી તેમ તેમને વનચરને ગજેન્દ્ર મૌક્તિના જ્ઞાન તત્તુલ્ય જ્ઞાન હોવાથી એ પુસ્તક જેવી જોઈએ તેથી અપકૃષ્ટ સ્થાનિને પ્રાપ્ત થએલ માલમ પડે છે. તે પુન્ય પ્રસિદ્ધ કરતી કમ્પનીની ઉદારતા તેમ સમજનું છે.

ॐ

# दशानन विरचित्

# शिव तांडव स्तोत्रम्

गुजरदीपीकाच

**जटाटवीगलज्जलप्रवाहपावितस्थले**
**गलेऽवलंब्य लंबितां भुजंगतुंगमालिकाम् ॥**
**डमड्डमड्डमड्डमन्निनादवड्डमर्वयं**
**चकार चंडतांडवं तनोतु नः शिवः शिवम् ॥१॥**

લંકાધીપતિ રાવણ પોતાની ભક્તિ શંકરને વિષે જણાવતો શંકરની સ્તુતિ કરે છે કે,

જટારૂપ જંગલમાંથી પડતા ગંગાજીના જળના પ્રવાહ વડે પવીત્ર સ્થળવાળા ગળામાં સર્પનો ઉન્ત લબડતો હાર ધારણ કરીને ડંડં અવાજ યુક્ત ડમરૂવાળું ભયંકર [1]નૃત્ય જે શંકર કરે છે તે શંકર હમારૂ કલ્યાણ વીસ્તારો ॥ ૧ ॥

---

(૧) શંકર હમેશાં સાયંકાળે હાથમાં ડમરૂં લઇ નૃત્ય કરે છે તેનું નામ તांडवनृत्य કહેવાય છે

जटाकटाहसंभ्रमभ्रमन्निलिंपनिर्झरी-
विलोलवीचिवल्लरीविराजमानमूर्धनि ॥
धगद्धगद्धगज्ज्वलल्ललाटपट्टपावके
किशोरचंद्रशेखरे रतिः प्रतिक्षणं मम ॥ २ ॥

જટારૂપ [2]કડાયામાં વેગથી ભમતી [3]દેવગંગાના ચપળ તરંગો રૂપ લતાઓની પંક્તિવડે શોભતા મુસ્તકવાળા ( તથા ) લલાટમાં ધગ્ ધગ્ ધગ્ બળતા [4]અગ્નીવાળા (તથા) તરૂણ ચંદ્રમારૂપ માથાના [5]આભુષણવાળા શંકરને વિષે મારી પ્રિતિ સદા સર્વદા હો ॥ ૨ ॥

धराधरेंद्रनंदिनीविलासबंधुबंधुर-
स्फुरद्दिगंतसंततिप्रमोदमानमानसे ॥
कृपाकटाक्षधोरणीनिरुद्धदुर्धरापदि

( ૨ ) શંકરના માથા ઉપર જટા ગોળ બાંધેલી માટે કડાયા જેવી
( ૩ ) ગંગાજી શંકરની જટામાં છે એ વાત સિદ્ધજ છે.
( ૪ ) શંકરનું નામ ત્રિલોચન છે કારણ તેમને એક ત્રીજુ નેત્ર કપાળમાં રહે છે ને તે અગ્નીમય છે કે જે વડે તેમણે કામને બાળી મુકયાની કથા પ્રસિદ્ધ છે
( ૫ ) શંકરની જટામાં હમેશાં એક નાનો ચંદ્ર હોય છે તેથી તેમનું નામ છે चंद्रशेखर

क्वचिद्दिगंबरे मनो विनोदमेतु वस्तुनि ॥ ३ ॥

હીમાલયની પુત્રી ( પાર્વતી ) ની રમતોના સુંદર બંધુરૂપ કટાક્ષોની પંક્તીવડે આનંદ યુક્ત મનવાળી (તથા) કૃપા કૃટાક્ષની પંક્તીવડે ( ભક્તોની ) દુર્ધર આફતો રોકનારી કોઇક [૬]દિગંબર વસ્તુમાં મારૂં મન આનંદ પામો. ॥ ૩ ॥

जटाभुजंगपिंगलस्फुरत्फणामणिप्रभा-
कदंबकुंकुमद्रवप्रलिप्तदिग्वधूमुखे ॥
मदांधसिंधुरस्फुरत्त्वगुत्तरीयमेदुरे
मनो विनोदमद्भुतं बिभर्तु भूतभर्तरि ॥ ४ ॥

જટામાંના સર્પોની પીળી પ્રકાશમાન ફેણોના મણીની ( લાલ ) કાન્તિના સમુહરૂપ કુંકુવડે ( ચાર ) દિશાઓરૂપ સ્ત્રીયોના મુખ રંગનાર ( તથા ) મહોન્મત્ત ગજાસુરની ચામડીરૂપ [૧]ઉપવસ્ત્રવડે સુન્દર;

---

( ૬ ) દીગંબર એટલે ચાર બાજુએ ચાર દિશારૂપજ વસ્ત્રવાળી કોઇક વસ્તુ એટલે શંકરમાં મારી ભક્તિ હો.

( ૧ ) એટલે ગજાસુર દૈત્ય જ્યારે દેવોને દુઃખ દેવા લાગ્યો ત્યારે દેવોના પ્રાર્થનાથી શંકરે તે દૈત્યને મારીને પછી તેનું ચામડું ઉતરડી પોતે અંગપર નાંખી તાંડવનૃત્ય કર્યું એ કથા છે.

સર્વ સ્થાવર જંગમ પ્રાણી માત્રનું પોશણ કરનાર ( ભગવાન પશુપતિ ) ને વિષે મારૂ મન અદ્ભૂત વિનોદને ધારણ કરો. ॥ ૪ ॥

**ललाटचत्वरज्वलद्धनंजयस्फुलिंगया**
**निपीतपंचसायकं नमन्निलिंपनायकम् ॥**
**सुधामयूखरेखया विराजमानशेखरं**
**महः कपालि संपदे सरिज्जटालमस्तु नः ॥५॥**

લલાટરૂપ ચકલામાં પ્રકાશમાન અગ્નિના તણખાવડે કામ દેવનો નાશ કરનાર (તથા) નમ્ર દેવોનો અધિપતિ; (તથા) અમૃત રૂપ કીરણોવાળા ચંદ્રની રેખાવડે શુશોભીત મુગટવાળો તથા ગંગાજીવડે યુક્ત જટાવાળો ( તથા ) ( ભકતોની ) ખોપરીયો ( ના હાર ) વાળો તેજો રૂપ શ્રી ભગવાન ભવાની શંકર હમારી ધર્માર્થ કામ મોક્ષરૂપ સંપત્તિ માટે હો ॥ ૫ ॥

**सहस्रलोचनप्रभृत्यशेषलेखशेखर-**
**प्रसूनधूलिधोरणीविधूसरांघ्रिपीठभूः ॥**

---

( ૨ ) શંકર પોતાના પ્રિય ભકતોની ખોપરી પોતા ગળામાં આભુષણ તરીકે ધારણ કરે છે તેથી તેમનું નામ कपालि કહેવાય છે

भुजंगराजमालया निबद्धजाटजूटकः
श्रिये चिराय जायतां चकोरबंधुशेखरः ॥६॥

ઇન્દ્રાદિ સમગ્ર દેવોના મુગટોના પુષ્પોની રજની પંક્તિવડે પગ મુકવાની લેપાયેલી [3]પૃથ્વીવાળા ( તથા ) ભુજંગરાજ વાસુકીની માળાવડે જટાનો સમુહ બાંધનાર ચંદ્રશેખર હમારા ધર્માર્થ કામ મોક્ષની સંપત્તિ માટે હો ॥ ૬ ॥

करालभालपट्टिकाधगद्धगद्धगज्ज्वल-
द्धनंजयाहुतीकृतप्रचंडपंचसायके ॥
धराधरेंद्रनंधिनी कुचाग्रचित्रपत्रक-
प्रकल्पनैकशिल्पिनि त्रिलोचने रतिर्मम ॥७॥

ભયંકર લલાટરૂપ પીઠમાં ધગૂ ધગૂ ધગૂ બળતા અગ્નિને વિષે પ્રચંડ કામ દેવને આહુતિ કરનાર ( તથા ) [4]ગિરજાના સ્તનના

---

( ૩ ) મતલબ ઇન્દ્રાદી દેવો આવી એમને પગે લાગે ત્યારે તેમના માથાના મુગટના પુષ્પોમાંથી જે ધુળ પડે તેનાથી પગ મુકવાની જગ્યા ધોળી થાય.

( ૪ ) આગળના સમયમાં પતિ પોતાની સ્ત્રીનિ શૃંગારાદિ સ્વતા પોતાના હાથેજ કરતા હશે એમ કાવ્યો વિગરેથી સમજાય છે માટે પાર્વતીના સ્તનનં વિષે ચિત્ર કાઢવામાં એ એકજ કારીગર એમ કહ્યું.

એમ ભાગમાં ચીત્ર રચના ( કરવા ) માં એ એકજ કારીગર [5]ત્રિ-લોચનને વિષે મારી પ્રિતિ હો. ॥ ૭ ॥

**नवीनमेघमंडली निरुद्धदुर्धरस्फुर-**
**त्कुहूनिशीथिनीतमःप्रबंधबद्धकंधरः**
**निलिंपनिर्झरीधरस्तनोतु कृत्तिसुंदरः**
**कलानिधानबंधुरः श्रियं जगद्धुरंधर ॥ ८ ॥**

નવા મેઘના સમુહ વડે રોકેલ દુર્ધરઘાટ અમાવાસ્યાની મધ્ય રાત્રીના અંધકારના નિરંતર પણા વડે (પોતાની) ડોક બાંધનાર[1] ગંગાધર[2]; (તથા) ગજાસુરના ચર્મવડે શુશોભિત તથા કળાનિધિ ચંદ્રવડે સુંદર; તથા ત્રીલોકના ભારનો ધારણ કરનાર શંકર હમારૂં કલ્યાણ વિસ્તારો. ॥ ૮ ॥

**प्रफुल्लनीलपंकजप्रपंचकालिमप्रभा-**
**वलंबिकंठकंदलीरुचिप्रबद्धकंधरम् ॥**

---

( ૫ ) ત્રીલોચન એટલે ત્રણ નેત્ર વાળો.

( ૧ ) મતલબ નિલકંઠ અમાવાસ્યાની મધ્ય રાત્રી ઘણી કાળી હોય તેમ મહાદેવની ડોક પણ વિષપાન કરવાથી ઘણી કાળી.

૨ ગંગાજી શંકરની જટામાં રહે છે માટે

स्मरच्छिदं पुरच्छिदं भवच्छिदं मखच्छिदं
गजच्छिदांधकच्छिदं तमंतकच्छिदं भजे ॥९॥

વિકાશમાન કાળા કમળના વિસ્તારની કાળાશના જેવી કંઠ કદળીની (કાળી) કાન્તિ વડે ઘણું કરીને ડાક બાંધનાર[3] (તથા) કામદેવનો, ત્રિપુરાસુરનો, સંસારનો, દક્ષ પ્રજાપતીના યજ્ઞનો તથા ગજાસુર અંધકાસુરનો અને અંતક જે યમ (વિગેરેનો પણ) નાશ કર[4] ભગવાન ભવાનીશંકરને હું ભજુ છું. ॥ ૯ ॥

अखर्वसर्वमंगलाकलाकदंबमंजरी-
रसप्रवाहमाधुरीविजृंभणामधुव्रतम् ॥
स्मरांतकं पुरांतकं भवांतकं मखांतकं
गजांतकांधकांतकं तमंतकांतकं भजे ॥ १० ॥

સમગ્ર કલ્યાણ કારક ચોસઠ વિદ્યા રૂપ કદંબ વૃક્ષની માંજરો-

---

(૩) મતલબ નીલકંઠ આ એક કવીની ખુબી છે કે એકને એક વાત ઘણી જુદી પ્રકારે બીજા શબ્દોની કઠણ રચના કરીને કહે છે (૪) મતલબ કે સર્વનો નાશ કરનાર એ અવિનાશિ

ના રસના પ્રવાહની સ્ફુટ મધુરતાનો ભ્રમર[૪] તથા કામદેવનો, ત્રિપુરનો; ભવ એટલે સંસારનો; દક્ષ પ્રજાપતિના યજ્ઞનો, ગજાસુરનો અંધકાસુરનો અને યમરાજ વિગેરેનો નાશકરનાર શ્રી મહાદેવને હું ભજું છું. ॥ ૧૦ ॥

जयत्यदभ्रविभ्रमभ्रमद्भुजंगमश्वसद्
विनिर्गमत्क्रमस्फुरत्करालभालहव्यवाट् ॥
धिमिंधिमिंधिमिंध्वनन्मृदंगतुंगमंगल-
ध्वनिक्रमप्रवर्तितप्रचंडतांडवः शिवः ॥ ११ ॥

અતિ ઝડપથી ભમતા ભુજંગોના શ્વાસના નિકળવાના ક્રમ વડે પ્રકાશમાન (દુષ્ટ મનુષ્યો)ને ભયંકર (દેખાતા) કપાળમાં અગ્નિવાળો તથા ધિમીં ધિમીં ધિમીં શબ્દ વાળા મૃદંગના ઉંચા મંગળ સુચક શબ્દના ક્રમ વડે ભયંકર તાંડવનૃત્યનો આરંભ કરનાર શિવ સર્વોત્કર્ષ થાય છે.[૫] ॥ ૧૧ ॥

---

(૪) મતલબ સર્વ વિદ્યાના તત્વને જાણનાર વેદમાં પણ કહ્યું છે કે ईशानः सर्व विद्या नाम् (સર્વ વિદ્યાનો અધિપતિ) તથા સ્મૃતિમાં પણ सर्व तीर्थ मयी गंगा सर्व देव मयो हरि. सर्व शास्त्र मयी गीता सर्व विद्या मयो शिवः ॥ (૫) મતલબ સર્વથી શ્રેષ્ઠ છે.

दृषद्विचित्रतल्पयोर्भुजंगमौक्तिकस्रजो-
र्गरिष्ठरत्नलोष्टयोः सुहृद्विपक्षपक्षयोः ॥
तृणारविंदचक्षुषोः प्रजामहीमहेंद्रयोः ॥
समप्रवृत्तिकः कदा सदाशिवं भजाम्यहम् ॥१२॥

પથ્થરમાં અને પુષ્પાદિક સુંદર પદાર્થ વડે બનાવેલી પથારીમાં તથા સર્પમાં અને મોતીના બનાવેલા હારમાં તથા અમુલ્ય હીરા માણેક વિગેરે રત્નમાં અને માટીના ઢેફામાં તથા મિત્રમાં અને શત્રુમાં, તથા ઘાસમાં અને કમળાક્ષી સ્ત્રીમાં તથા રૈયતમાં તને રાજામાં હું સમ બુદ્ધિવાળો એટલે રાગ દ્વેશથી રહીત થયો છતો ક્યારે સદાશિવને ભજુ[૬] ॥ ૧૨ ॥

कदा निलिंपनिर्झरीनि[illegible]जकोटरे वसन्
विमुक्तदु[illegible]: सदा शिरस्थमंजलिं वहन् ॥
विलोलल्लोललो[illegible]नाललामभालल[illegible]

---

( ૬ ) અહીં હું ક્યારે ભજુ છું એવો અર્થ વ્યાકરણ નિયમ પ્રમાણે થાય છે તેને બદલે હમે અર્થાથ મતિથી (ક્યારે ભજુ ) એમ અર્થ કર્યો છે એજ પ્રમાણે પાછલા શ્લોકમાં પણ છે.

**शिवेति मंत्रमुच्चरन्सदासुखी भवाम्यहम् ॥१३॥**

હું ક્યારે; દેવોની નદી શ્રી ગંગાજીની લતામંડપના મધ્ય ભાગમાં વસતો છતો તથા બે હાથે નમસ્કાર કરતો છતો તથા હમેશાં દુષ્ટ બુદ્ધિનો ત્યાગ કરતો છતો; અતિ ચપળ નેત્રવાળી ચપળાક્ષીઓમાં રત્નરૂપ ગિરજાના કપાળમાં લખેલો શિવ, એ મંત્રનો હમેશાં ઉચ્ચારતો સુખી થઊં. ॥ ૧૩ ॥

**निलिम्पनाथनागरीकदंबमौलिमल्लिका-**

**निगुंफनिर्भरक्षरन्मधूष्णिकामनोहरः ॥**

**तनोतु नो मनोमुदं विनोदिनीमहर्निशं**

**परश्रियः परं पदं तदंगजत्विषां चयः ॥ १४ ॥**

સ્વર્ગમાંની અપ્સરાઓના સમુહના માથામાંના મલ્લિકા પુષ્પોના ઘણા ગુચ્છાઓથી પડતી રજ વડે (થયેલ) બહારા વડે સુંદર તથા અતિ કલ્યાણ કારક પરંપદ તે મહાદેવના અંગોથી થયેલ તેજનો સમુહ સચ્ચિદાનંદ ઘન; હમેશ હર્ષ આપનાર હમારા મનના હર્ષને વિસ્તારો. ॥ ૧૪ ॥

प्रचंडवाडवानलप्रभाशुभप्रचारिणी
महाष्टसिद्धिकामिनीजनावहूतजल्पना ॥
विमुक्तवामलोचनाविवाहकालिकध्वनिः
शिवेति मंत्रभूषणा जगज्जयाय जायताम् ॥१५॥

પ્રચંડ વાડવાનળ અગ્નિની પ્રકાશમાન અંશુઓને નાશ કરનાર (તથા) અણીમાદી આઠ સિદ્ધિઓ એ યુક્ત કામી પુરૂષોએ ગાયેલા (ગાન વાળો (તથા) શિવ એ મંત્ર રૂપ આભૂષણ વાળો; વિમુક્ત સુંદર નયનો પાર્વતીના લગ્ન પ્રસંગે થયેલ મંગળધ્વની આ જગતના જય માટે થાવ. ॥ ૧૫ ॥



# જાહેર ખબર.

## યજુ શાખી.

# ईशावास्य.

## ગુજરાતીમાં શાકર ભાષ્ય સહીત.

આ ઇશાવાસ્ય ઉપનીશદના અઢાર મંત્રો છે ને તે કેવળ બ્રહ્મ બોધક છે એ યુજુર્વેદની સંહીતાનો ( ૪૦ )મો અધ્યાય છે તેના ઉપર ભગવાન્ ભાષ્યકારે શાંકર ભાષ્ય કર્યું છે તે સંસ્કૃતમાં હોવાથી તે વિદ્યાના અજ્ઞાન મુમુક્ષુઓને સેલથી સમજવા અતિ સરળ ગુજરાતી ભાષાન્તર કરી મુળ મંત્ર સહીત અન્વય કરીને છપાવ્યું છે આગળથી કીમત રૂ.૦-૨-૦ ને પાછળથી આનાચાર બેસશે.

# अद्वैतामृत.

આ ગ્રંથ મુમુક્ષુઓના અતિ ઉપયોગી તેમ અજ્ઞાન રૂપ અંધારાને નાશ કરવામાં પ્રચંડ સૂર્ય જેવો છે આ કેવળ કલ્પીત છે ને તે આ રૂરૂક્ષુને ચીત્તની સ્થીરતા કરાવી વિષય વૃત્તિઓને ભિન્ન ભિન્ન રીતે ઉછીન્ન કરી નાખી નિવૃત્તિસુખને આપનાર છે.

અર્થનો સાર એ છે કે એક જીવ રૂપ મુની પોતાને રહેવાને યોગ્ય દેહ રૂપ મઠ ખોળતાં ખોળતાં ત્યાસીલાખ નવાંણુંહજાર નવસો નવાંણું ( જન્મયોની રૂપ ) મઠ ફરી વળ્યો ત્યારે ઘણુંજ પુણ્ય શ્રમે એક, નવ (છીદ્રરૂપ) દરવાજાવાળો ( મનુષ્ય દેહ રૂપ ) મઠ મળ્યો તેમાં પોતે વાસ કરીને રહે છે ત્યાં પોતાની સાથે શ્રમદમાદિ (મુમુક્ષુ) નાં છ સાધન રૂપ સન્યાસીયો પોતાની સાથે રહે છે તેવામાં તે મઠમાં એક નવયોવના મદથી ભરપુર વિષયાકાંક્ષી ચપળાક્ષી સ્ત્રી ત્યાં દને-રસાબેર આપી પોંહોચી પછી તે મુંનીને ઘણોજ પશ્ચાતાપ થવા લાગ્યો અને કેવા લાગ્યો કે મારી સાથે જે શ્રમદમાદિ સંન્યાસીયો છે તે આ સ્ત્રીને જોઈબીચારા બીનીને નાશી જશે માટે શું કરવું તેમ વિચાર કરી તેની સાથે વાત કરતાં તેણીયે કહ્યું કે હુ તો તારી બેન વિષયાવૃત્તિ છુ કે તું ગ્રહસ્થાશ્રમ છોડી કેમ સંન્યાસી થયો છું પછી માયાના મિથ્યા પદા-રથેના વિષ્યોનું ખંડન કરી તે વૃત્તિને ઉચ્છે ક્યૉ.

**આ પુસ્તક સાધન સંપતી થવામાં સબળ સાધન છે.**

**કીમત અગાઉથી રૂ. ૦-૮-૦**

**પાછળથી રૂ. ૧-૦-૦**

**લી. બ. ગ. પંડિત ખંભાત.**